| GJVD020019361997 | સત્યમેવ જયતે | પ્રાપ્તિ તારીખ | ૩૧/૧૨/૧૯૯૭ | | |
|---|---|---|---|---|---|
| | | દાખલ તારીખ | ૩૧/૧૨/૧૯૯૭ | | |
| | | ફેંસલ તારીખ | ૧૪/૦૮/૨૦૨૬ | | |
| | | સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | | | ૨૮ | ૦૭ | ૧૪ |

**મે. વડોદરાના દશમા એડીશ્નલ સીવીલ જજ સાહેબની કોર્ટ,**
**મુકામ:–વડોદરા**

**રે. મુ.નં. ૨૨૧૩/૧૯૯૭**

**આંકઃ–**

| | |
|---|---|
| વાદી:– | **નવરામધારા ટ્રસ્ટ ગલેમંડી સુરત એ નામના ટ્રસ્ટના ટ્રસ્ટીઓ**<br>**(૧) મહંત અમૃતરામજી ગુરુ મનસુંદરરામજી**<br>રહે. ગલેમંડી રોડ, સુરત<br>**(૨) શ્રી પંકજકુમાર જયંતીલાલ દાણાવાળા**<br>રહે. પંચવટી, ૨૯, સરદારનગર સોસાયટી, સુમુલ ડેરી રોડ,સુરત<br>**નોંધ:– આંક–૧૨૪ ની અરજ મંજુર થવાથી પ્રતિ.નં. ૩ તથા ૪ ને ડિલીટ કર્યા**<br>**(૫) શ્રી કીરીટકુમાર ચંપકલાલ રીબનવાલા**<br>રહે. સોમજેસ વોચ કું.ની સામે,લાલગેટ,સુરત<br>**(૬) સ્વામી રામપ્રસાદ ગુરુરામ નીવાસી**<br>રહે. વડોદરા, વિનાયક સ્કુલની પાછળ, રામદ્વારા ફતેપુરા વડોદરા |
| **વિરૂધ્ધ :–** | |
| પ્રતિવાદીઓ:– | **જશભાઈ ઈશ્વરભાઈ પટેલ**<br>રહે. નવરામધારા મંદિર, ફતેહપુરા મેઈન રોડ, વડોદરા |
| **દાવો:– ૧૦,૦૦૦/– ના આંકથી કબજો તથા દરમ્યાન ઉપજ લેવા બાબત** | |

| |
|---|
| **વાદીઓ પક્ષે વિ.વ.શ્રી...** પી.કે.જાદવ |
| **પ્રતિવાદી પક્ષે...વિ.વ.શ્રી....** એન.એ.જૈન |

## -: ઠ રા વ :-

**વાદીના દાવાની ટુંકમાં હકીકત :-**

(૧) વાદીના દાવાની ટુંકમાં હકીકત એવી છે કે, અમો વાદી નં. ૨ થી ૬ વાદી નં. ૧ ના ટ્રસ્ટીઓ છીએ. વાદી નં.૧ નોંધાયેલ જાહેર ટ્રસ્ટ છે. જેની નોંધણી નં.એ /૧૭૭૨/સુરત છે. વાદી ટ્રસ્ટની સ્થાવર જંગમ મિલ્કતો શહેર સુરત, વડોદરા તથા અમદાવાદ મુકામે આવેલ છે. વડોદરા શહેરમાં ફતેહપુરા વિસ્તારમાં સીટી સર્વેના ટીકા નં.૧૭/૧ માં સીટી સર્વે નં. ૨૩/૧, ૨૩/૨, ૨૩/૩ થી વાદી ટ્રસ્ટની સ્થાવર મિલ્કત આવેલી છે. સદર મિલ્કતમાં મંદિર તથા બાંધેલી રુમો તથા ખુલ્લી જમીનનો સમાવેશ થાય છે. વાદી ટ્રસ્ટની ઉપરોકત મિલ્કતો પૈકી સીટી સર્વે નં. ૨૩/૨ તથા ૨૩/૩ માં બાંધકામવાળી મિલ્કત આવેલ છે. જેમાં ભોયતળીયું તથા પ્રથમ મજલે એક મંદિર/ ગુરુગાદીના રુમનો સમાવેશ થાય છે. ભોયતળીયાના ભાગે ત્રણ રુમો છે. તથા પ્રથમ મજલાવાળા ભાગમાં એક રુમ આવેલા છે. તે રુમની આગળ પુર્વ તરફ ખુલ્લી છજા પતરાની આવેલ છે. સદર પ્રથમ મજલે આવેલ રુમનો ઉપયોગ ગુરુગાદી મુકી મંદિર તરીકે થાય છે. વાદી ટ્રસ્ટ સદર રુમનો ઉપયોગ મંદિર તરીકે કરે છે. સદર પ્રથમ મજલે આવેલ ૧૦-૧૦ નો રુમ તે આ દાવાનું વિષયવસ્તુ છે.અમો વાદી ટ્રસ્ટના મૈ. મહંત મનસુધરામજી ગુરુ મગનીરામજીએ પ્રતિવાદી નં.૧ ની સ્થિતી ખુબ જ ખરાબ હતી અને તેઓને રહેવાની કોઈ સગવડ ન હોવાથી દયા ભાવથી પ્રેરાઈ થોડા સમય માટે ટ્રસ્ટની

ઉપરોકત ગુરુગાદી વાળી રુમમાં ટ્રસ્ટની ગાદીની સેવાપુજા કરવાની શરતે થોડા સમય માટે કોઈપણ પ્રકારના વળતર વગર (Without any consideration) આશરો આપેલ હતી. તેમજ અમારી અગાઉના મહંત મનસુંદરરામજી પ્રતિવાદીને મદદરૂપ થવાના શુભ આશયથી પ્રતિવાદી ટ્રસ્ટની ગાદીની સેવાપુજા કરે તેના બદલામાં થોડા પૈસા પણ ટ્રસ્ટમાંથી આપતા હતા. મહંત મનસુંદરરામજીને ટ્રસ્ટની મિલ્કતમાં પ્રતિવાદીને રાખવા હકક અધિકાર નહોતા.અમો ટ્રસ્ટના ટ્રસ્ટી મહંત તથા બેનીફીશયરીસ સેવા પુંજા કરવા તથા ટ્રસ્ટના હેતુ માટે તથા અમો ટ્રસ્ટના મહંત સંતો બહારગામથી વડોદરા આવે ત્યારે રહેવા અને સેવાપુજા કરવા સદર રુમનો વાપર ઉપભોગ ઉપયોગ કરતા હતા અને કરે છે. પ્રતિવાદી સદર રુમના કબ્જા નહોતા અને નથી. તેમજ પ્રતિવાદીને સ્વતંત્ર કબ્જો કરવા કોઈ હકક કે અધીકાર નહોતા અને નથી. તેમ છતાં પ્રતિવાદીએ હાલમાં અમો વાદી ટસ્ટની મિલ્કતમાં ગેરકાયદેસર હકક્કો ઉભા કરવાના બદઈરાદે તથા સદર રુમનો કબ્જો કરવાના બદઈરાદે વડોદરા મ્યુ. કોર્પોરેશનમાં આકારણી શાખામાં મિલ્કત વેરા માટે રાખેલ એસેસમેન્ટ બુકમાં પોતાનું (પ્રતિવાદીનું) નામ ભાડુઆતના હકકે ભોગવટો કરનાર તરીકે દાખલ કરાવેલ છે. પ્રતિવાદીના આ કૃત્યની જાણ થતાં અમો વાદી નં.૧ મહંત અમૃતદાસજી વડોદરા મુકામે તા. ૨૮/૨/૯૭ ના રોજ આવેલ અને પ્રતિવાદી સાથે વાતચીત કરી આવી ટ્રસ્ટ વિરુધ્ધની પ્રવૃતી બંધ કરી ટસ્ટની માલકીની રુમ ખાલી કરવા સુચના આપેલ આથી પ્રતિવાદી ગુસ્સે થયેલા અને અમો વાદી નં. ૧ ને સાંજે પોતાનો નિર્ણય જણાવવા કહેલ પરંતુ સાંજે પ્રતિવાદીએ તેમના મળતીયા

ઈસમોને ભેગા કરી અમારી ટ્રસ્ટની મિલ્કતમાં ધુસી અમોને બહાર કાઢી ફરી મંદિરમાં પ્રવેશ નહિ કરવાની ધમકી ગદડાપાટુ કરી માર મારવાનો પ્રયત્ન કરતાં અમોએ અમારો જીવ બચાવવા સ્થળ છોડી ફતેહપુરા પોલીસ સ્ટેશનમાં જઈ પ્રતિવાદી તથા તેમના પત્નિ વિરુધ્ધ ફરીયાદ પણ નોધાવેલી છે. તે પછી અમો સુરત જઈ સુરતથી અમારા વકીલશ્રી મારફતે પ્રતિવાદીને તા. ૯/૩/૯૭ ના રોજ રજી. પોસ્ટ એ.ડી.થી નોટીસ પણ બજાવી છે. તેમ છતાં પ્રતિ.દાવાવાળી મિલ્કતનો તેમનો વાપર ઉપયોગ બંધ કરી રુમ ખાલી કરી જતા નથી રહયા તેથી હાલનો દાવો કરવો પડયો છે.

<u>**સબબ દાદ :**</u>–

- દાવા પેરા ૧ માં જણાવેલ અમો વાદી ટસ્ટની સીટી સર્વે નં. ૨૩/૨ માં પ્રથમ મજલે આવેલ ગુરુગાદી વાળી રુમ વાપર ઉપયોગ બંધ કરી પ્રતિવાદી સદર રુમ ખાલી કરી તેનો કબ્જો અમો વાદીને સોપે તેવું બજવણીલાયક પ્રતિવાદી વિરુધ્ધ હુકમનામું કરી આપશોજી. પ્રતિવાદી રુમનો વાપરઉપયોગ બંધ કરી રુમ ખાલી કરવામાં હયગય કરે તો કોર્ટ કમિશ્નર નીમી કમિશ્નરશ્રી મારફતે રુમ ખાલી કરાવી અમારા કબ્જે સોપવાનું હુકમનામું કરી આપશોજી.
- પ્રતિવાદી તેમના કુંટુંબીજનો કે તેમના મળતીયા અમારા ગુરુગાદીવાળી રુમનો ટ્રસ્ટના હેતુથી વિરુધ્ધના કોઈપણ હેતુ માટે ઉપયોગ કરે કરાવે નહિ. તેમજ વાદીઓ તથા ટ્રસ્ટના બેનીફીશયરીને સદર રુમનો વાપર ઉપયોગ કરતાં રોકે રોકાવે નહિ. તેવો કાયમી મનાઈહુકમ ફરમાવશો

(૨) આ કામના પ્રતિવાદીને સમન્સની બજવણી થતા પ્રતિવાદી નામ. કોર્ટમાં હાજર થઈ આંક–૭૯થી દાવાનો તથા મનાઈહુકમનો લેખિત જવાબ રજૂ કરેલ છે.જેમાં પ્રતિવાદીએ દાવાના પ્લેઈન્ટમાં કરવામાં આવેલ તમામ આક્ષેપોનો ઈનકાર કરી ખરી હકીકતે જણાવેલ છે કે, પ્રતિવાદી છેલ્લા ૩૫ વર્ષથી દાવાવાળી મિલકતમાં રહે છે અને છેલ્લા ૩૫ વર્ષથી દાવાવાળી મિલકતમાં પૂજારી તરીકે કાર્ય કરતા આવેલા છે અને તેના બદલામાં વર્ષ ૧૯૬૮થી વાદી અમોને વાદી પગાર ચુકવતા આવેલા છે.જેમાં વર્ષ ૧૯૬૮ થી ૧૯૭૩ સુધી રૂ.૫૫/– પગાર ચુકવતા હતા. તથા હાલમાં અમો રહીએ છીએ. તે જગ્યામાં રહેણાંકનુ મકાન જે વાદીએ ભાડે આપવાનું હતુ જે ખાલી હોવાના કારણે અમો હાલના પ્રતિવાદીને રૂા. ૩૦/– ભાડે આપેલ. સદરહુ ભાડા ભાગની રકમ અમો પ્રતિવાદીના પગારમાંથી કપાત થતા હતા. ત્યારબાદ સને ૧૯૭૩ થી અમો પ્રતિવાદીના પગાર રૂા.૫૫/– થી વધારી રૂા. ૧૦૫/– કરેલો અને મકાન ભાડાની રકમ રૂા. ૩૦/– ની જગ્યા પર રૂા. ૩૫/– કરેલી હતી. જે આજદીન સુધી તે જ રકમ ભાડા ભાગનાઓ ઉપયોગ બદલ પ્રતિવાદી ૧૯૯૭ સુધી ચુકવતા હતા. જે સદર કામના પ્રતિવાદીએ ૧૯૯૭ માં હાલનો દાવો કર્યો ત્યારથી હાલના વાદીએ અમોને ૧૯૯૦ થી પગાર ની રકમ જે રૂા. ૫૦૦/– કરી હતી. તેમાંથી ભાડા ભાગના રૂા. ૩૫/– કાપી ૪૬૫/– અમોને ચુકવવા જોઈએ તે આપવાના બંધ કરેલો છે. અમો પ્રતિવાદી આજે પણ સદરહું મંદિરના પુજારી તરીકે પુજા તથા તમામ તહેવારો કરતા આવેલા છે. આમ સદરહું કામના વાદી સારી રીતે જાણતા હોવા છતાં કે હાલના ઝઘડો એ મકાન માલીક અને ભાડુઆતનો ઝઘડો છે. કારણ કે દાવાના મથાળે હાલનો દાવો કબજો લેવા માટે કરેલ છે. પરંતુ કાયદાની જોગવાઈઓ મુજબ

શહેર વડોદરામાં સ્મોલ કોઝ કોર્ટ આવેલી છે. તથા સદરહુ સ્મોલ કોઝ કોર્ટમાં મકાન માલીક અને ભાડુઆતને લગતા તમામ પ્રકારની દાવાઓ કે તકરારોની ત્યાં જ નિવેડો લાવી શકાય. જે ધ્યાનમાં લેતા હાલનો દાવો હકુમતની બહારનો હોય હાલનો દાવો ચલાવવાનો કે તકરારનો નિવેડો લાવવાની આપ નામ. નામ.કોર્ટને હકુમત નથી. જેથી હાલનો દાવો ખર્ચસહ રદ કરવા હુકમ કરવા મે. થશો.

(૩) આ કામે વાદી તર્ફે નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ થયેલ છે.

**<u>મૌખિક પુરાવો:-</u>**

| ક્રમ | સાહેદ | આંક |
|---|---|---|
| ૧ | વાદી તરફે મહંત અમૃતરામજી ગુરુ મનસુંદરરામજીનું સરતપાસનું સોગંદનામું | ૧૩૭ |

**<u>દસ્તાવેજી પુરાવો:-</u>**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | સાર્વજનીક ટ્રસ્ટનું રજીસ્ટર અસલ | ૧૨૮ |
| ૨ | પ્રોપર્ટીકાર્ડની નકલ અસલ | ૧૨૯ |
| ૩ | પ્રોપર્ટીકાર્ડની નકલ અસલ | ૧૩૦ |
| ૪ | પ્રોપર્ટીકાર્ડની નકલ અસલ | ૧૩૧ |
| ૫ | સર્વે નં.૪૨ વાળી અને ૪૩ વાળી મીલકતનો નકશો | ૧૩૨ |
| ૬ | વડોદરા મ્યુ. કોર્પોરેશન ધ્વારા ભયા અંગેની પાવતી અને ૧૯૯૫-૯૬ અસલ | ૧૩૩ |
| ૭ | ફતેપુરા પોલીસ સ્ટેશનમાં વાદી ધ્વારા આપેલ ફરીયાદીની નકલ અસલ | ૧૩૪ |
| ૮ | અનુ. ક.નં.૭ ની પોલીસ ફરીયાદ બાબતે દીવાની કોર્ટ દાદ મેળવી લેવા જવાબ આપેલ તે અસલ | ૧૩૫ |
| ૯ | વાદીઓએ પ્રતિવાદીઓને આપેલ નોટીસ અસલ | ૧૩૬ |

- સદર કામે વાદી તર્ફે વધુ પુરાવા રજુ કરવા નથી તેવુ જાહેર કરતી પુરાવા બંધની કલોઝીંગ પુરસીસ આંક– ૧૮૭ થી રજુ કરેલ છે.

(૪) પ્રતિવાદી તરફે નીચે મુજબનો મૌખિક પુરાવો રજુ કરવામાં આવેલ છે.

**મૌખિક પુરાવો:–**

| ક્રમ | સાહેદ | આંક |
|---|---|---|
| ૧. | પ્રતિવાદી જશભાઈ ઈશ્વરભાઈ પટેલની સોગંદ પર જુબાની | ૧૯૦ |

- સદર કામે પ્રતિવાદી તરફે કોઈ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલ નથી.તેમજ પ્રતિવાદી તર્ફે વધુ પુરાવા રજુ કરવા નથી તેવુ જાહેર કરતી પુરાવા બંધની કલોઝીંગ પુરસીસ આંક–૧૯૫ થી રજુ કરેલ છે.

- **પક્ષકારો તરફે દલીલો:–**

(૫) સદર કામે વાદી તરફે તેઓના વિ.વકીલશ્રીની આંક–૧૯૬ થી લેખિત દલીલો રજુ કરવામાં આવેલ છે. જેને પુરાવાના મુલ્યાંકન વખતે ચર્ચા કરેલ હોય પુનરાવર્તન ટાળવાના હેતુથી અત્રે ચર્ચા કરેલ નથી. વધુમાં મૌખિક દલીલો કરી જણાવેલ છે કે,દાવાની મિલકત નોંધાયેલ ટ્રસ્ટના નામે છે અને વાદીઓ તે ટ્રસ્ટના ટ્રસ્ટીઓ છે. પ્રતિવાદી ન તો ભાડુઆત છે કે ન તો મિલકતના માલિક છે, પરંતુ તેમને માત્ર દયાભાવ રાખી મદદદરૂપ થવા વાદીના ગુરૂએ ઉપયોગ માટે દાવાની મિલકતનો કબજો આપવામાં આવ્યો હતો.જેથી પ્રતિવાદીને દાવાની મિલકત પર સ્વતંત્ર રીતે કબજો રાખવાનો કોઈ અધિકાર નથી, તેમ છતાં તેણે વડોદરા મહાનગરપાલિકાની વેરાપાવતી માં ભાડુઆતના કોલમમાં પોતાનું નામ દાખલ કરાવ્યું છે. વાદીએ મૌખિક પુરાવા તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજૂ કર્યા છે, જ્યારે પ્રતિવાદીએ માત્ર લેખિત જવાબ અને સોગંદ પર

જુબાની આપેલ છે. તેના લેખિત જવાબના સમર્થનમાં કોઈ દસ્તાવેજી પુરાવો રજૂ કર્યો નથી.અમો વાદીએ યોગ્ય મૌખિક તમેજ લેખિત પુરાવાઓ રજૂ કરીને પોતાની માલિકી સાબિત કરી છે. આમ,અમો વાદીએ પુરાવાના આધારે પોતાનો કેસ સાબિત કર્યો છે, જ્યારે પ્રતિવાદી સાબિત કરવામાં નિષ્ફળ રહ્યા છે. તેથી ઉપરોક્ત સંજોગોમાં વાદી દાવાઅરજીમાં માંગવામાં આવેલ દાદ મેળવવા હકદાર છે.આથી, વાદીના પક્ષમાં હુકમનામું (ડિક્રી) પસાર કરવા માટે અદાલતને વિનંતી કરેલ છે.

➔ **જ્યારે સદર કામે પ્રતિવાદી તરફે વિગતવારની મૌખિક દલીલો કરવામાં આવેલ છે અને જણાવેલ છે કે,**વાદીએ હાલનો દાવો કબજો તથા ઉપજ લેવા માટેનો કરેલો છે. જ્યારે આ કામે દાવો મકાનમાલિક અને ભાડૂઆત અંગેનો હોય દાવો હાલની કોર્ટમાં ચાલી શકે નહી.તેમજ મુદા નં.૩ સાબિત માટે દાવો સ્મોલ કોઝમાં ટ્રાન્સફર કરવો પડે.વધુમાં જણાવેલ છે કે વાદીના દાવા ના પેરા નં. ૧ ની દાદ માંગ જોઈએ તો ૧૦– ૧૦ નો રૂમ ખાલી આપવાની દાદ માંગેલ છે. જયારે વાદી પેરા– ૩ મુજબ જણાવતા હોય કે પ્રતિવાદીને મિલકતમાં હકક અધિકાર નથી ત્યારે તેઓએ હકક કે અધિકાર ન હતો તે મુદદો ફ્રેમ કરાવવો પડે જે હાલના દાવાના કામે કરાવેલ નથી. હાલનો દાવો ૩૧/૧૨/૧૯૯૭ માં દાવો કરેલ છે. ત્યારથી આજદિન સુધી પ્રતિવાદી વાપર ઉપયોગ કરતા હતા અને કરે છે. જો હાલમાં પણ ઉપયોગ કરે છે અને કબજો વાદીનો છે તો દાવો કરવાનો સવાલ જ નથી પ્રતિવાદીનો કબજો નથી તેવુ દાવામાં જણાવેલ છે અને વાદીએ તે મુજબ દાવો કરેલ છે. વાદી પોતે કહેતો હોય કે મારો કબજો છે તો દાવો કરવાની જરૂર જ ન રહે અને ખોટો દાવો કરેલ

છે. વાદી હાલનો પ્રતિવાદીને ખોટો દાવો કરી ખોટા હેરાન કરી રહેલા છે. આ કામે જોઈએ તોપ્રતિવાદીએ ભાડુઆત તરીકે આકારણીમાં નામ દાખલ કરાવી દીધેલ છે તો આ કોર્ટને દાવો દાખલ કરવાની સતા નથી. આકારણીનુ ટેક્ષ બીલ આવે તેમાં પ્રથમ માલિકીનુ નામ હોય અને બીજુ નામ ભોગવટો કરનારનુ નામ હોય. ભોગવટા તરીકે નામ દાખલ થયેલ હોય તો હુ ભાડુઆત છુ. જાયરે દાવાનું શીર્ષક ધ્યાને લેતાં દાવો કબજો અને ઉપજ લેવા માટે કરેલ છે પરંતુ દાવામાં કયાંય ઉપજની હકીકત અંગે કંઈ જણાવેલ નથી. પ્રતિવાદી પોતે જણાવે છે કે તેમનો કબજો છે તો દાવો કેમ કરેલ છે. કોર્પો.ના ચોપડે ભાડુઆત તરીકે નામ દાખલ થતુ નથી ભોગવટેદાર તરીકે દાખલ થાય છે. વધુમાં જણાવેલ છે કે,દર પાંચ વર્ષના વાદીએ એસસમેન્ટ રજુ કરેલા નથી. દાવો વાદીએ કરેલ હોય, દાવો પુરવાર કરવાનુ બર્ડન વાદી પર આવે છે.જો વાદી પુરવાર ન કરે તો દાવો રદ થાય. આ દાવાની દાદ અલગ છે અને દાવો અલગ છે.આ કામે કહેવાતી કોઈ ફરીયાદ રજુ કરેલ નથી. અને તેમાં જણાવ્યા મુજબ જે માર મારેલ તે બાબત પણ કોઈ પુરાવો રજુ કરેલ નથી.તા. ૨૮/૦૨/૧૯૯૭ થી ૨૮/૧૨/૧૯૯૭ ના આઠ મહિના પછી મારેલ હોય અને કાઢી મુકેલ હોય ત્યારબાદ આઠ મહિના બાદ દાવો કરેલ છે. તારીખો મહત્વની છે. એક મહિના પછી નોટીસ આપેલ છે અને ત્યારબાદ પાછા આઠ મહિના પછી તેઓ પાછા આવે છે. એક મહિનો રાહ કેમ જોયેલ છે તરત આપવી જોઈએ. જો બહાર કાઢી મુકેલ હોય તો ફકત એક જ ટ્રસ્ટીને તપાસેલ છે અન્યને નહિ. આ કામે પંચકયાસ તેઓએ કરાવેલ નહિ. પ્રતિવાદીએ અરજી આપેલ છે અને કરાવેલ છે. આ કામના બધા ટ્રસ્ટી ગુજરી ગયેલ છે. આ કામે વાદીએ ફરીયાદ રજુ કરેલ છે સહી વગરની છે તેમાં કોઈ સીકકો નથી. જેને આંક ના પડે તો તે વંચાણે લઈ શકાય નહિ. આ

જગ્યામાં કોઈ હતુ નહિ પરંતુ ગુરુએ કહેલ કે તુ ત્યાં રહેવા જા અને હુ ૩૫ વર્ષથી રહુ છું.

વધુમાં જણાવેલ છે કે,ટ્રસ્ટના કાયદા મુજબ બીજા ટ્રસ્ટી આવેલા હોય તો તેઓને જોડવા પડે. પરંતુ વાદીએ જોડેલ નથી. અને અમારે જરૂર નથી તેવુ જણાવેલ છે. જેથી અપૂરતા પક્ષકાર હોવા મુજબ દાવો રદ થાય,જો પક્ષકારો પુરેપુરા જોડેલ હોત તો દાવો ટકી શકે. તેથી સી.પી.સી મુજબ દાવો રદ થાય. આ કામે આંક-૧૩૩ થી વેરાપાવતી રજુ કરી છે. પ્રતિવાદીએ કબુલેલ છે કે તેઓ ભોગવટો કરે છે અને ભાડુઆત છુ તેવુ જણાવેલ છે તે હુ કબુલ કરુ છુ. હુ ભાડુઆત નથી ભોગવટેદાર છુ. વાદીએ આંક-૦૪ થી રજુ કરેલ દસ્તાવેજોમાં ચેડા કરેલ છે તેમાં કોઈ સહી નથી. પાછળથી રજુ કરેલ તેમાં સહી કરેલ છે. જેથી ચેડા કરેલ છે. ૧૯/૦૩/૧૯૯૭ ના રોજ કલ્પનાબેન વ્યાસના નામે નોટીસ આપેલ છે.જયારે દાવો અને નોટીસમાં હકીકતો અલગ છે.જેથી નોટીસ વિરૂધ્ધનો દાવો કરેલ છે. જે નોટીસ આંક-૧૩૬ થી રજુ છે.જોગવાઈ મુજબ નોટીસ મુજબનો દાવો હોવો જોઈએ. દાવો અને નોટીસ બંને વિરોધાભાષી છે. આંક-૧૩૭ થી ઉ.ત વાંચેલ છે.આ કામે વાદીએ ઠરાવની નકલ રજુ કરેલ નથી.તેમજ દાવો કરતી વખતે કોઈ ચતુર સીમા દાવામાં જણાવેલ નથી.આંક-૧૧૪ થી મુદદા ઘડેલ છે. વાદીએ દાવો કલીન હેન્ડ થી કરેલ નથી. જેથી દાદ મળી શકે નહી. પ્રતિવાદીને ખર્ચ મળવો જોઈએ ખોટો દાવો કરેલ હોય અને અપૂરતા પક્ષકારો જોડેલ હોય નામ.કોર્ટે ખર્ચ સહ દાવો રદ કરી દાવાનો ખર્ચ પ્રતિવાદીને અપાવવો જોઈએ.

(૬) ઉપરોકત સમગ્ર હકીકતે કેસના નિર્ણય માટે આંક-૧૧૪ થી નીચે મુજબના મુદા મુકરર કરવામાં આવેલ છે.

**-: <u>મુદ્દાઓ</u> :-**

**૧.** શું વાદી સાબિત કરે છે કે,પ્રતિવાદી દાવાવાળી મિલકતમાં ગેરકાયદેસરનો કબજો,ભોગવટો ધરાવે છે?

**૨.** શું વાદી સાબિત કરે છે કે, પ્રતિવાદીને દાવાવાળી મિલકત સેવાપૂજા કરવાની શરતે વિના ભાડે આપેલ હતી?

**૩.** શું વાદી સાબિત કરે છે કે, હાલનો દાવો ચલાવવા અત્રેની કોર્ટને સતા છે?

**૪.** શું વાદી દાવા પેરા-૦૮ માં માંગ્યા મુજબની દાદ મેળવવા હકદાર છે?

**૫.** શું પ્રતિવાદી સાબિત કરે છે કે, દાવાવાળી મિલકતમાં તેઓ ૩૫ વર્ષ ભાડુઆત તરીકે રહે છે અને ભાડું ચુકવે છે?

**૬.** શું પ્રતિવાદી દાવા ખર્ચ મેળવવા હકદાર છે? જો હા તો કેટલી રકમ?

**૭.** શું હુકમ અને હુકમનામું?

(૭) આ કામે રજુ થયેલ તમામ લેખિત તથા દસ્તાવેજી પુરાવાઓ વંચાણે લીધા. જે ધ્યાને લઈ આંક-૧૧૪ થી ઘડવામાં આવેલ મુદદાઓના તારણ નીચે મુજબ છે.

**<u>મુદાનો જવાબ:</u> -**

મુદા નં.(૧) હકારમાં.

મુદા નં.(૨) અંશત: હકારમાં.

મુદા નં.(૩) હકારમાં.

મુદા નં.(૪) અંશત: હકારમાં.

મુદા નં.(૫) નકારમાં

મુદા નં.(૬) નકારમાં

મુદા નં.(૭) આખરી હુકમ મુજબ

- **<u>કાયદાકીય જોગવાઈ :–</u>**

(૮) કોઈ વ્યકિત જે હકીકતનુ પ્રતિપાદન કરતી હોય તેણે તે હકીકત સાબીત કરવી જોઈએ જે સાબીતીના બોજા અંગેનો સામાન્ય નિયમ છે. કોઈ બાબત અગર તો હકીકત એક વ્યકિત પ્રતિપાદન કરે અને બીજી વ્યક્તિ દવારા તેવી હકીકતનો ઈન્કાર કરવામા આવે ત્યારે પુરાવો હકારાત્મક હોય તે કારણે પ્રતિપાદન કરતી વ્યકિતએ તે હકીકત સાબીત કરવી પડે છે. તેથી વ્યકિત તે હકીકત સાબીત કરે અગર તો હકીકત એક વ્યકિત પ્રતિપાદન કરે અને બીજી વ્યકિત દવારા તેવી હકીકતનો ઈન્કાર કરવામાં આવે ત્યારે પુરાવો હકારાત્મક હોય તે કારણે પ્રતિપાદન કરતી વ્યકિતએ તે હકીકત સાબીત કરવી પડે છે. તેથી વ્યકિત તે હકીકત સાબીત કે અગર તો પ્રથમ દષ્ટીએ તે હકીકત માનવાલાયક બનતી હોય ત્યારે જે પક્ષે તેવી હકીકતનો ઈન્કાર કરતો હોય તેણે તે હકીકતનો ખંડન કરતો પુરાવો આપવાનો રહે છે. પ્રતિપાદન કરનાર પક્ષ ઉપરથી પુરાવાનો બોજો નહી પરંતુ પુરાવાની જવાબદારી ખસે છે.

(૯) આ કામે પુરાવાઓનું વિશ્લેષણ અને પૃથક્કરણ કરવામાં આવે તે પહેલા ભારતીય પુરાવા અધિનિયમ, 1872 ના સાબિતીના ભાર અંગેની કલમ – 101 જોવામાં આવે તો નીચે મુજબ છે.

Section 101: Burden of Proof Whoever desires any Court to give judgment as to any legal right or liability dependent on the existence of facts which he asserts, must prove that those facts exist. When a person is bound to prove the existence of any fact, it is said that the burden of proof lies on that person."

(૧૦) હવે ઉકત મુદ્દાની ચર્ચા કરતા પહેલા સ્પેશીફીક રીલીફ એક્ટ ની કલમ –૩૪ ધ્યાને લેવી જરૂરી છે.

**34. Discretion of court as to declaration of status or right :-**

Any person entitled to any legal character or to any right as to any property may institute a suit against any person , denying or interested to deny his title to such character or right and the court may in its discretion make therein a , declaration that he is so entitled and the plaintiff need not in , such suit ask for any further relief Provided that no court shall : make any such declaration where the plaintiff being able to , seek further relief than a mere declaration of title omits to do , so.

**Explanation** :- A trustee of property is a“person interested to deny” a title adverse to the title of some one ”who is not in existence, and for whom, if in existence, he would be a trustee.

➢ સ્પેશીફીક રીલીફ એક્ટ ની કલમ–૩૪ ની જોગવાઈ વંચાણે લેતાં એટલુ સ્પષ્ટ થાય છે કે,જયારે કોઈ વ્યક્તિ અન્યથા કોઈ વ્યક્તિ મિલકત ના લીગલ કેરેક્ટર અથવા અધિકારને અસ્વીકુત કરતો હોય કે અસ્વીકુત કરવામાં રસ ધરાવતો હોય તેવા સંજોગોમાં તે વ્યક્તિ

પોતાની મિલકત નુ લીગલ કેરેક્ટર તથા અધિકારની જાહેરાત મેળવવા દાવો કરી શકે છે.

**22. Power to grant relief for possession, partition, refund of earnest money, etc.—**

(1) Notwithstanding anything to the contrary contained in the Code of Civil Procedure, 1908 (5 of 1908), any person suing for the specific performance of a contract for the transfer of immovable property may, in an appropriate case, ask for—

(a) possession, or partition and separate possession, of the property, in addition to such performance; or

(b) any other relief to which he may be entitled, including the refund of any earnest money or deposit paid or made by him, in case his claim for specific performance is refused.

(2)No relief under clause (a) or clause (b) of sub-section (1) shall be granted by the court unless it has been specifically claimed:Provided that where the plaintiff has not claimed any such relief in the plaint, the court shall, at any stage of the proceeding, allow him to amend the plaint on such terms as may be just for including a claim for such relief.

(3)The power of the court to grant relief under clause (b) of sub-section (1) shall be without prejudice to its powers to award compensation under section 21.

## – : <u>નિર્ણય માટેના કારણો</u> :–

(૧૧) સદર કામે **વાદી તરફે આંક–૧૩૭ થી વાદી તરફે મહંત અમ્રુતરામજી ગુરુ મનસુંદરરામજીન પુરાવાનું સોગંદનામુ રજુ કરેલ છે.** જેમાં દાવાની મોટા ભાગની હકીકતોનુ પુનરાવર્તન થયેલ હોય અત્રે પુનરાવર્તન ટાળવાના આશયથી તેની ચર્ચા કરેલ નથી.

- ઉપરોક્ત વાદીના પુરાવાની પ્રતિવાદીઓ તરફે કોઈ ઉલટતપાસ કરવામાં આવેલ છે જેમાં જણાવેલ છે કે, મે ૫૦ વર્ષથી દીક્ષા લીધેલી છે. અમારો સંપ્રદાય રામસ્નેહી સંપ્રદાય છે.આ સંપ્રદાય ગુરૂ–શિષ્ય પરંપરામાં એક પછી એક સાધુ ગુરૂના શિષ્ય તરીકે આવતા હોય છે અને અમે અમારા સંપ્રદાયમાં ગુરૂના નામથી શિષ્ય તરીકે ઓળખાઈએ છીએ. અમારી જે કોઈ જગ્યાઓ હોય આ બધી જ જગ્યાને રામદ્વારા કહેવાય જે ટ્રસ્ટ દ્વારા ચાલે છે. એ વાત ખરી છે કે ટ્રસ્ટ ઠરાવ પર ચાલે છે અને ઠરાવની નોંધણી જે તે ચેરીટી કમિશ્નરમાં કરવામાં આવતી હોય છે અને અમારો તમામ વહીવટ ચાલે છે. એ વાત ખરી છે કે અમારો આર્થિક વહીવટ દાનના આધારે ચાલે છે અને જેનુ હીસાબ રાખવામાં આવે છે અને તેની ઓડીટ પણ થાય છે.અમારા રામદ્વારાના ગુજરાતમાં એક જ ટ્રસ્ટ છે. જે અમદાવાદમાં રજીસ્ટર થયેલા છે જેનો નંબર એ/ ૧૭૭૨/સુરત થી થયેલ છે. એ વાત ખરી છે કે અમારા ટ્રસ્ટની હેડઓફીસ સુરત ખાતે છે. હુ ૧૯૮૫માં મારા ગુરૂજીના સ્વર્ગવાસ થયા પછી ટ્રસ્ટમાં ટ્રસ્ટી તરીકે જોડાયો. એ વાતની મને જાણ છે કે ટ્રસ્ટમાં કંઈપણ કરવાનુ હોય તો ઠરાવ કરીને કરી શકીએ છીએ. હાલના દાવો દાખલ કરતી પહેલા તમોએ કોઈ ઠરાવ પાસ કરાવેલ.જે સવાલ પછતા તેના જવાબમાં વાદીએ હા જણાવેલ

છે.ત્યારબાદ સવાલ કરેલ છે કે,ઉપરોકત ઠરાવની નકલ તમોએ હાલના દાવામા રજુ કરેલ છે? જેના જવાબમાં જણાવેલ છે કે,વકીલને આપેલી હતી, હાલના કામે રજુ છે કે કેમ તે મને ખબર નથી. જેથી ઉપરોકત જણાવેલ ઠરાવ પ્રતિવાદી તરફે વકીલે વાદી નં ૧ને લીસ્ટ ઓફ ડોકયુમેન્ટ થતા આખુ કામ જોવા આપ્યુ પરંતુ તેમાં કોઈ જગ્યાએ દેખાયેલ નથી. ત્યારબાદ સવાલ કરવામાં આવેલ છે કે, વડોદરા ફતેપુરા વિસ્તારમાં આવેલી નવારામદ્વારા આવેલી મિલકત કેટલા મંજીલ છે જેના જવાબમાં જણાવેલ છે કે, ગ્રાઉન્ડ ફલોર બનેલુ છે તથા પહેલા માળ પર એક રૂમ (10X10) છે જે મંદીર તરીકે ઉપયોગ કરવામાં આવે છે. એ વાત ખરી છે કે આ રૂમની આગળના ભાગમાં પતરાના શેડવાળુ જગ્યા આવેલી છે જે છજુ ગણી શકાય. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે ટીનનો છપરો છે જે ખુલ્લી જગ્યા છે. એ વાત ખરી છે કે હાલના કામના પ્રતિવાદી જશભાઈ ઈશ્વરભાઈ પટેલ મારા ગુરૂના સમયથી તે જગ્યા પર રહેતા આવેલા છે. એ વાત ખરી છે કે હુ તથા અમારા ગુરૂજી શરૂઆતથી સુરત ખાતે અમારી ગુરૂગાદી છે ત્યાં રહેતા આવેલા છે. એ વાત ખરી નથી કે ફતેપુરા વડોદરા ખાતે આવેલી આખી મિલકતના મુળ માલિક જશભાઈ ઈશ્વરભાઈ પટેલ છે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે સને ૧૯૭૨ સુધી મારા ગુરૂજી ફતેપુરા વડોદરા ખાતે રહેતા હતા. એ વાત ખરી નથી કે જશભાઈ ઈશ્વરભાઈ પટેલ મારા શિષ્ય હતા. એ વાત ખરી નથી કે જશભાઈ ઈશ્વરભાઈ પટેલ મારા ગુરૂ પરંપરા સાથે સંકળાયેલ હોય તે રીતેના શિષ્ય હતા. એ વાત ખરી છે કે આ આખા મિલકતની વેરાપાવતી જશભાઈ ઈશ્વરભાઈ પટેલના નામે આવે છે. **એ વાત ખરી નથી કે આ**

**મિલકતની લાઈટબીલ જશભાઈ ઈશ્વરભાઈ પટેલના નામે આવે છે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે પરદાદા ના ગુરૂજીના નામે આવે છે.** એ વાત ખરી છે કે મારો આખો દાવો પહેલા મજલે આવેલા એક રૂમ માટે કરેલો છે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે તે રૂમ મંદીર છે. આ મિલકતના ગ્રાઉન્ડ ફલોર પર ૩ રૂમ આવેલા છે. એ વાત ખરી નથી કે ગ્રાઉન્ડ ફલોરના ત્રણેય રૂમમાં જશભાઈ તથા તેમના પરીવારવાળા સભ્યો રહે છે. એ વાત ખરી છે કે અમોએ હાલના દાવાવાળી મિલકતનો કોઈ પંચકયાસ કરાવેલ નથી. મને એ વાતની ખબર છે કે પંચકયાસ કરવાથી મિલકતમાં ત્યાં શુ આવેલુ છે, કયા માળે કઈ વસ્તુ છે તથા કોનો કબજો છે તે રેકોર્ડ પર આવતુ હોય છે. એ વાત ખરી છે કે હાલના દાવાવાળી અરજીમાં દાવાની આજુબાજુ કઈ જગ્યા આવેલી છે તથા તેની માપણી કે ચર્તુસીમા સાથે દર્શાવેલ નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે સીટી સર્વે નંબર સાથે નકશો આપેલ છે. અમારા ફતેપુરા વડોદરા ખાતે ૩ સીટી સર્વે થી અમારા ટ્રસ્ટની મિલકતો આવેલી છે. એ વાત ખરી નથી કે આ ૩ સીટી સર્વેવાળી મિલકતોમાંથી જે મિલકતમાં પ્રતિવાદી રહે છે તે મિલકત સિવાય બાકીની મિલકતો અમોએ મુસલમાનોને વેચી દીધી છે. તમારા દાવામાં જણાવેલ છે કે તમોએ પોલીસ ફરીયાદ પણ કરેલી તેમાં શુ થયુ હતુ તેના જવાબમાં જણાવેલ છે કે,પોલીસે અમારો સુરત આવીને જવાબ લીધેલ હતુ અને જણાવેલ હતુ કે તકરાર બાબતે તમે કોર્ટમાં જાવ. એ વાત ખરી છે કે હાલનો દાવો મે મારી સહીથી કરેલો છે. એ વાત ખરી છે કે મને હીન્દી, ગુજરાતી વાંચતા આવડે છે. એ વાત ખરી નથી કે મે દાવા અરજી, સોગંદનામામાં માત્ર સહી કરેલી. સાહેદ

સ્વેચ્છાએ જણાવે છે કે વાંચીને મે તથા બધા ટ્રસ્ટીઓએ સહી કરેલી. એ વાત ખરી છે કે મે જે દાવો કરયો છે તે દાવામાં માત્ર દાવાના હેડીંગમાં દરમ્યાન ઉપજ લખેલુ છે પરંતુ દાવાની અરજીમાં કે દાદમાં કોઈ જગ્યાએ તેનો ઉલ્લેખ નથી. એ વાત હુ કહી શકુ નહી કે અમોએ દાવા અરજીમાં એવી હકીકત જણાવેલ છે કે, અમોએ પ્રતિવાદીને ડીમાન્ડ નોટીસ મોકલેલી કે કેમ. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે વકીલ મારફતે કરેલી હોય તો ખ્યાલ નથી. સાહેદને આંક ૧ બતાવવામાં આવે છે જે જોઈને કહે છે કે, એ વાત ખરી છે કે તા. ૯/૩/૯૭ ના રોજ નોટીસ મોકલ્યાની હકીકત મોકલેલી છે. એ વાત ખરી છે કે તા. ૯/૩/૯૭ વાળી નોટીસ હાલના કામે રજુ કરેલ નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે તા.૧૯/૩/૯૭ વાળી નોટીસ રજુ છે. તમારી તા. ૧૯/૩/૯૭ વાળી નોટીસના પેરા નં ૧ વાળી હકીકત "અમારા ગુરૂ મનસુખરામજી ગુરૂ મગનીરામજીએ દગા ભાવથી મંદીરમાં આશ્રય આપેલો" આ હકીકત તમારા દાવામાં જણાવેલ નથી. હા, **સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે દગા ભાવથી નહી પરંતુ દયા ભાવથી આપેલું છે લખવામાં ટાઈપીંગ ભુલ થયેલી છે.** એ વાત ખરી છે કે અમો વાદીઓએ બધુ જોઈ, વાંચીને સહી કરેલી હતી. એ વાત ખરી છે કે ઉપરોકત ભુલ બાબતે કોઈ સુધારા માટે આજદીન સુધી કોર્ટમાં કોઈ અરજી કરવામાં આવેલ નથી. એ વાત ખરી નથી કે પ્રતિવાદી જશભાઈ ઈશ્વરભાઈ અમારા ટ્રસ્ટના મંદીરમાં સેવા પુજા પણ કરતા હતા. ઉપરોકત સેવા માટે તમે પ્રતિવાદી જશભાઈને ટ્રસ્ટમાંથી રકમ પણ આપતા હતા. ના, સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે મારા ગુરૂ વ્યકિતગત રીતે જશભાઈને રકમ આપતા હતા પરંતુ ટ્રસ્ટમાંથી

આપતા ન હતા. ઉપરોકત જણાવેલ જશભાઈ ઈશ્વરભાઈને અમારા ટ્રસ્ટના મંદીરમાં સેવા પુજા કરતા હોવાની હકીકત કે ટ્રસ્ટમાંથી તેમને કોઈ રકમ આપવાની હકીકત જો મારા દાવા અરજીમાં જણાવેલ હોય તે ખોટી હકીકત જણાવેલ છે.સાહેદને આંક-૧ ના પેરા નં.૩ બતાવવામાં આવે છે જે જોઈને જણાવે છે કે, એ વાત ખરી છે કે તેમાં જણાવેલ છે કે "અગાઉના મહંત મનસુંદરરામજી પ્રતિવાદીને મદદરૂપ થવાના શુભ આશયથી પ્રતિવાદી, ટ્રસ્ટની, વાદીની સેવા પુજા કરે તેના બદલામાં થોડા પૈસા પણ ટ્રસ્ટમાંથી આપતા હતા."તમારા દાવાનુ કારણ જે તમે દાવા અરજીમાં જણાવેલ છે તા. ૨૮/૨/૯૭ ના રોજ બહાર કાઢેલા હોવાની હકીકત તથા તા. ૮/૧૨/૯૭ ના રોજ મંદીરમાં પ્રવેશ કરતા અટકાવવાની હકીકતને લગત કોઈપણ પુરાવા હાલના કામ રજુ કરેલ નથી. પોલીસમાં જે અરજી કરેલી તે હાલના કામે રજુ કરેલી છે. એ વાત ખરી છે ઉપરોકત જણાવેલ અરજી ઝેરોક્ષ છે, તમારી કોઈ સહી નથી તથા સર્ટીફાઈડ પણ નથી. પ્રતિવાદીને કરવામાં આવેલ નોટીસમાં આગળ તા.૧૯/૩/૯૭ છે અને પાછળના પેજ પર તા.૯/૩/૯૭ છે ટાઈપીંગ મીસ્ટેક કરેલી છે. ઉપરોકત નોટીસ પ્રતિવાદીને બજેલી હોય તેનો કોઈ પુરાવા આ કામે રજુ કરેલ. એ વાત ખરી છે કે સદરહુ દાવાવાળી મિલકતમાં જે એક રૂમમાં મંદીરનુ જણાવેલ છે ત્યાં કોઈ પ્રતિમાની પુજા થતી હોય તેમના કોઈપણ પુરાવા હાલના કામે રજુ કરેલ નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે અમે પ્રતિમાની પુજા નથી કરતા.જે પોલીસ ફરીયાદ જણાવેલી તેની સર્ટીફાઈડ કરવા તૈયાર છો.તેના જવાબમાં પોલીસ આપતી હોય તો રજુ કરવા તૈયાર છુ. એ વાત ખરી નથી કે દાવા જયારે કરેલો

તેનાથી ૩૫ વર્ષ અગાઉથી પ્રતિવાદી જશભાઈ ઈશ્વરભાઈ તે મિલકતમાં નીચે તથા ઉપરના ભાગે રહેતો હતો. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે **એક રૂમ જેમાં સિંહાસન રાખેલુ છે ગુરૂવાણી જેની અમે પુજા કરીએ છીએ તે રાખેલુ છે તે જ રૂમમાં એકલા જશભાઈ રહેતા હતા અને તેનો પરીવાર ગામડે રહેતા હતા.** એ વાત ખરી છે કે મે ઉપરના પ્રશ્નમાં સ્વેચ્છાએ જે જણાવ્યુ છે તે વાંચી પુછાયેલા પ્રશ્નમાં મે આખો દાવો વાંચેલો છે અને પછી દાખલ કરેલો છે. એ વાત ખરી નથી કે દાવાવાળા તકરારી રૂમ સિવાયના આખા મિલકત જશભાઈ ઈશ્વરભાઈ રહેતા હતા. **એ વાત ખરી છે કે તકરારી રૂમનો કબજો પ્રતિવાદી જશભાઈ ઈશ્વરભાઈ પાસે છે.** તમે હાલ આખી મિલકતનો કબજો કોની પાસે છે તે બાબતે પંચકયાસ કરાવવા તૈયાર છો ? એ વાત ખરી છે કે જુબાની ચાલતા દરમ્યાન કરવામાં આવેલ પંચકયાસ વખતે હુ ત્યાં હાજર હતો. એ વાત ખરી છે કે પંચકયાસ થયો તે દરમ્યાન કોઈ સિંહાસન ન હતો. એ વાત ખરી છે કે પંચકયાસ થયો તે વખતે દેવ-દેવીઓના ફોટાઓ હતા. સાહેદ જણાવે છે કે તે પંચકયાસ પહેલા અમારા ગુરુઓના ફોટાઓ હતા જે તેઓએ કાઢી નાખેલા. એ વાત ખરી છે કે અમે દાવો કરેલો ત્યારથી આજદીન સુધી સદર તકરારી મકાનમાં ગુરુઓના ફોટાઓ કે સિંહાસન હોવા અંગેનો પુરાવો આ કામે રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે મે દાવો દાખલ કરેલો ત્યારે કોઈ પંચકયાસ કરાવેલો નહી, હાલનો પંચકયાસ પ્રતિવાદીએ કરાવેલ છે. એ વાત ખરી નથી કે આ મિલકતનો ભાવ વધી ગયો હોય અમોને વધુ પૈસા મળે તેમ હોય તેના કારણે ખોટી રીતે પ્રતિવાદીને હેરાન કરી મિલકત ખાલી કરાવવા ખોટો કેસ કરેલો છે. એ વાત ખરી નથી કે મે

ખોટો કેસ કરેલો હોય તેના સમર્થન આપવા નામદાર કોર્ટમાં સોગંદ પર ખોટી જુબાની આપુ છુ. એ વાત ખરી નથી કે સદર મિલકતનો અમો વાદીઓ ઉપયોગ કરતા ન હતા તેમ છતાં સદર મિલકત પડાવી લેવા ખોટી હકીકત જણાવી ખોટો દાવો કરી તે લગત ખોટી જુબાની આપેલ છે. એ વાત ખરી નથી કે અમોને તા. ૨૮/૨/૧૯૯૭ ના રોજ પ્રતિવાદીએ તેમના ઘરે આવેલા હોય પ્રતિવાદીઓએ વાદીને તેમના મકાનમાંથી કાઢી મુકેલા હોય તેવુ બનેલ ન હોવા છતાં કારણ ઉભુ કરવા ખોટી હકીકત જણાવી છે. એ વાત ખરી નથી કે સદર મિલકતમાં કોઈપણ જાતનુ ગુરુવાણી વાળુ મંદીર ન હોવા છતાં મંદીર જણાવી ખોટી હકીકત ઉભી કરવા મંદીર લખાવી ખોટુ કારણ દર્શાવેલ છે અને આમ ખોટી રીતે દાવો કરેલ છે. એ વાત ખરી છે કે મકાનની નીચે નાનકડી કેરોસીનની દુકાન છે તેનો ભાડુઆત અલગ છે તથા આ મકાનની પાછળના રૂમમાં ધાંચીપંચના ટ્રસ્ટની રૂમ છે. આ ધાંચીપંચ અગાઉ અમારા ભાડુઆત હતા જેનો કબજો ધાંચીપંચવાળાએ ટ્રસ્ટને સોંપી દીધેલ. જેનો પુરાવો મે આ કામે રજુ કરેલ નથી. એ વાત ખરી નથી કે આ ઉપરોકત હકીકત હુ ખોટી જણાવુ છુ જેથી પુરાવો રજુ કરેલ નથી.

(૧૦) સદર કામે પ્રતિવાદી તરફે **આંક–૧૯૦ થી જસભાઈ ઈશ્વરભાઈ પટેલનુ પુરાવાનું સોગંદનામુ રજુ કરેલ છે.**જેમાં તેઓ પોતાની જુબાનીમાં જણાવે છે કે, અમો પ્રતિવાદી ઉપર જણાવેલ સરનામે અમારા પરીવાર સાથે રહીએ છીએ. તથા નિવૃત જીવન ગાળી આમારુ જીવન નિભાવીએ છીએ. આથી અમો સદરહુ કામના વાદી તરફે હાલનો દાવો, દાવાનાં પેરા–૧માં જણાવેલ વાદી ટ્રસ્ટની સીટી

સરવે નં. ૨૩/૨ માં પ્રથમ મજલે આવેલ ગુરુગાદી રુમ વાપર, ઉપભોગ, બંન્ને વાળી રુમ રુમ ખાલી કરી તેનો કબજો વાદીને સોપવા તેવું હુકમનામું તથા અમો પ્રતિવાદી રુમનો વાપર ઉપયોગ બંધ કરી કોર્ટ કમીશનર મારફતે રુમ ખાલી કરાવી કબજો આપવા ગુરુવાદી વાળી રુમનો કબજો ટ્રસ્ટના હેતુ વિરુધ્ધ કોઈપણ ઉપયોગ કરી કરાવો નહી તેવી માંગણી સાથે દાવો કરેલ છે. સદર દાવો જોતા અમો પ્રતિવાદી આખી મીલકતમાં ૩૫ વર્ષ થી રહેતા આવેલ છે ભોયતળિયાનાં ભાગે કેરોશીન વાળી દુકાન આવેલી છે. તથા અમો પ્રતિવાદી સદર જગ્યામાં છેલ્લા ૩૫ વર્ષથી પુજારી તરીકે રહેતા આવેલા છે એટલું જ નહી મકાનમાં આગળ રોડ બાજુના ભાગે ગેલેરી જેવું છે તથા **ગુરુવાદી તરીકે પુજા કરતાં આવેલા છે**. તે માટે અમોને સને ૧૯૬૮ થી હાલમાં મહંત ચલાવતાં હતા ત્યાં સુધી રેગ્યુલર રા. ૫૫/– ચુકવતા હતી. પરંતુ ત્યારબાદ પગાર ચુકવવાનું બંધ કરી દીધેલ હતું. પરંતુ તે **અગાઉ રા.૫૦૦ સુધી પગાર આપતા આવેલા હતા. તથા આખુ મકાન અમોને અહીથી ગાદી હટાવી સદર ટ્રસ્ટ સુરત ખાતે ગાદી લઈ જતા આખુ મકાન અમોને રુા. 30 થી ભાડે આપેલ હતું** ત્યારે <u>૧૯૭૩થી અમારો પગાર ૫૫ થી વધારી ૩૫ કરેલ</u> અને ભાડાની રકમ 30 થી વધારી ૩૫ કરેલ છે. હાલના કામના વાદીએ દાવો કર્યો ત્યારથી ભાડુ રુા.૩૫/– કાપી અમોને ૪૬૫ રા. પગાર પેટે ચુકવતા આમ અમોને રુા.૫૦૦/– રુપિયા ચુકવતા હતા. **સદર દાવો મકાન માલીક ટ્રસ્ટ અને ભાડુઆત વચ્ચેનો હોય સદર દાવો વ ડોદરામં સ્મોલ કોઝ કોટ આવેલ હોય તેમાં દાખલ થાય પરંતુ સીવીલ કોર્ટમાં દાખલ થઈ શકે નહી તેથી હલાનો સ્મોલ કોઝમાં દાવો ચાલે**

**શકે સીવીલ કોર્ટમા ચાલી શકે નહી** તથા ૨૦૧૦ થી અગાઉના તમામ મકાન માલીક અને ભાડુઆતના દાવો સ્મોલ કોર્ટ કોઝમાં ચાલે તેથી હાલનો દાવો નામ કોર્ટમાં ચાલી શકે નહી તેમ છતાં હાલના કામના વાદીએ આપ ના.ર્ડોટ માં દાખલ કરેલ છે જેથી કાઢી નાખવો જોઈએ વધુમાં૧૯૯૭ થી સુરત ખાતે નવું મંદિર બન્યુ ત્યારશથી વાદી ટ્રસ્ટ અને સીહાસન ગાદી સુરત ખાતે બનાવ્યું ત્યારથી સદર મીલકતમાં ચાલતું મકાનના રોડ સાઈડ ગેલરી આગળનુંભાગ ૧૦× ૧૦ માંથી સીહાસન તથા ગરુગાદી ટ્રસ્ટ સુરત ખાતે લઈ ગયેલ છે તે સંજોગોમાં અમોને આખુ મકાન ભાડુ આપી અમારુ ભાડું રાં 30 થી વધારી ૩૫ કરેલ અને અમોને ૪૬૫ રુા. ભાડાના કાપી પગાર ચુકવતા આવેલા છે પરંતુ હાલનો દાવો કર્યા પછીઅમોને . પગાર અપતા નથી અમો આજે પણ પ્રતિવાદીઓ વાદીને ભાડાની રકમ ચુકવવા તૈયાર અને રાજી ખુશીથી છીએ જે જાહેર કરીએ છીએ. અમો પ્રતિવાદી આજે પણ અમારા પરીવાર જેમાં અમારી પત્ની તથા બાળકો સાથે રહીએ છીએ.

➢ વાદી તરફે ઉલટ તપાસ કરવામાં આવેલ છે જેમાં તેઓ જણાવે છે કે, હુ હીરાચંદ સુખડચંદને ત્યાં કાપડની દુકાને નોકરી કરતો હતો અને મહીને રૂા ૧૬૦/– મળતા હતા ત્યાં મે આશરે ૧૯૮૦ સુધી નોકરી કરેલી. હુ ૧૯૯૨ માં પ્રજાપતિ સાડીમાં નોકરી કરતો હતો. હુ અત્યારે વાદગ્રસ્ત મિલકત ફતેહપુરા રોડ કાલુપુરા ગલીની સામે નવા રામદ્વારા વડોદરામાં રહુ છુ. હુ મુળ ગામ ચુડેલ તા. જી. આણંદ નો રહીશ છુ. મારે સંતાનમાં કુલ ૩ બાળકો હતા અને બે દિકરા ગુજરી ગયેલા છે અને હાલમાં એક દિકરો હયાત છે જે દિકરો હાલમાં મારી સાથે રહે છે. મારો એક દિકરો સને ૨૦૦૦ ની સાલમાં ગુજરી ગયેલ અને બીજો

દિકરો જન્મતાની સાથે આશરે સને ૧૯૬૮ માં ગુજરી ગયેલ. **એ વાત ખરી છે કે વાદગ્રસ્ત મિલકતમાં ગુરુની ગાદી આવેલ હતી સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે વરસાદમાં તુટી ગયેલ છે.** મારા દિકરો જે સને ૨૦૦૦ માં ગુજરી ગયેલો તેના મરણનો દાખલો હુ રજુ કરવા તૈયાર છુ. એ વાત ખરી નથી કે વાદગ્રસ્ત મિલકતનો વેરો ટ્રસ્ટવાળા ભરે છે. **એ વાત ખરી છે કે ટ્રસ્ટવાળા મને પગાર આપતા હોય તે દર્શાવતી પગાર પાવતી મે આ કામે રજુ કરેલ નથી.** સાહેદ જણાવે છે કે મને કોઈ પગાર આપતા ન હતા. **સાહેદ હવે જણાવે છે કે મને પુજારી તરીકે રાખેલા અને ૨૫ રૂપિયા પગાર તરીકે આપતા હતા.** **<u>એ વાત ખરી છે કે હાલના કામે ભાડુઆત તરીકે કોઈ ભાડુ ચુકવેલ હોય તેની કોઈ પુરાવો રજુ કરેલ નથી</u>**. એ વાત ખરી છે કે હુ ભાડુઆત તરીકે હોવ અને મને ભાડુઆત તરીકે ખાલી ન કરાવે તે માટે કોઈ દાવો આજસુધી કરેલ નથી. એ વાત ખરી છે કે મે ભાડુ ચુકવવા માટે મની ઓર્ડર કરેલા હોય તેવુ પણ બનેલ નથી. **એ વાત ખરી છે કે જયારે દાવો કરેલો ત્યારે ગુરુગાદીનુ આસન હતુ.** સાહેદ જણાવે છે કે જે આસન પલળી ગયેલ હતુ. ગુરૂગાદી વાળી જગ્યા ૧૦×૧૦ ની હતી. **એ વાત ખરી છે કે મે આ કામે કોઈ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી.** મને **<u>આંક ૧૩૪ બતાવવામાં આવે છે જે જોઈને જણાવુ છુ કે, એ વાત ખરી છે કે અમ્રુતરામજીએ મારી અને મારી પત્ની વિરુધ્ધમાં ફરીયાદ કરેલ છે.</u>** એ વાત ખરી નથી કે મહંત અમ્રુતરામજીએ મને નોટીસ આપેલી. મને આંક ૧૩૬ બતાવવામાં આવે છે જે જોઈ જણાવુ છુ કે તે મારા નામે નોટીસ છે. સાહેદ જણાવે છે કે મને કોઈ નોટીસ મળેલ નથી.એ વાત ખરી નથી કે મારે હાલની વાદગ્રસ્ત મિલકત પડાવી લેવાનો ઈરાદો

હોય હાલનો ખોટો દાવા જવાબ રજુ કરેલ છે. એ વાત ખરી નથી કે આ જગ્યાનો મે ગેરકાયદેસરનો કબજો કરેલ છે. એ વાત ખરી નથી કે હુ સોગંદ પર ખોટી જુબાની આપુ છુ.

## <u>મુદ્દાઓની ચર્ચા</u> :–

(૧૧) દિવાની દાવામાં પડેલ પુરાવાનુ મુલ્યાંકન પ્રિપોન્ડરન્સ ઓફ પ્રોબાબીલીટીના નિયમને આધીન કરવાનુ હોય છે અને વાદીએ પોતાનો કેસ પોતાના પગ ઉપર સાબીત કરવાનો હોય છે. પ્રતીવાદીના નબળા બચાવનો લાભ વાદી લઈ શકે નહી તેમજ દિવાની દાવો ત્રણ વસ્તુ ઉપર આધારીત હોય છે. જેમાં (૧) પ્લીડીંગ, (૨) પ્રુફ, (૩) પ્રુફને કોર્ટ સમક્ષ યોગ્ય પુરાવાથી સાબીત કરવું.

- <u>મુદ્દા નં. ૧ થી ૩ ની સંયુકત ચર્ચા</u> :–

**૧.શું વાદી સાબિત કરે છે કે,પ્રતિવાદી દાવાવાળી મિલકતમાં ગેરકાયદેસરનો કબજો,ભોગવટો ધરાવે છે?**

**૨.શું વાદી સાબિત કરે છે કે, પ્રતિવાદીને દાવાવાળી મિલકત સેવાપૂજા કરવાની શરતે વિના ભાડે આપેલ હતી?**

**૩.શું વાદી સાબિત કરે છે કે, હાલનો દાવો ચલાવવા અત્રેની કોર્ટને સતા છે?**

(૧૨) ઉપરોક્ત તમામ મુદ્દા નં. ૧ થી ૩ એકબીજા સાથે સંકળાયેલા તથા પરસ્પર આધારિત છે અને એક મુદ્ધા અંગેનું તારણ બીજા મુદ્ધા પર આધારિત છે.તેમજ એક જ હકીકતનું વારંવાર પુનરાવર્તન ટાળવા માટે, સુવિધાના હેતુસર ઉપરોક્ત તમામ મુદ્ધાઓની એકસાથે સંયુકત ચર્ચા કરેલ છે.

- વાદીએ હાલનો દાવો પ્રતિવાદીએ દાવાવાળી મિલકતમાં ગેરકાયદેસર નો કબજો કરેલ હોય તે પરત મેળવવા માટે કરેલો છે.સદર કામે વાદીઓના ટ્રસ્ટ દ્વારા આ કામના પ્રતિવાદીને જે તે વખતે તેમની પરિસ્થિતિ ખરાબ હોય મદદરૂપ થવાના આશયથી દયાભાવ રાખીને તેઓના મૈ.મહંત મનસુધરામજી ગુરુ મગનીરામજીએ પ્રતિવાદીને દાવાવાળી જમીનનો ગુરુગાદીવાળો રૂમ થોડા સમય માટે ટ્રસ્ટની ગાદીની સેવાપુજા કરવાની શરતે થોડા સમય માટે કોઈપણ પ્રકારના વળતર વગર (Without any consideration) આશરો આપેલ હતી. તેમજ અગાઉના મહંત મનસુંદરરામજી પ્રતિવાદીને મદદરૂપ થવાના શુભ આશયથી પ્રતિવાદી ટ્રસ્ટની વાદીની સેવાપુજા કરે તેના બદલામાં થોડા પૈસા પણ ટ્રસ્ટમાંથી આપતા હતા.પરંતુ આ કામના પ્રતિવાદીએ સદર દાવાવાળી મિલકતનો કબજો ગેરકાયદેસર રીતે પડાવી લઈને કબજો મેળવી લીધેલ છે.જે બાબતે દાવાનુ સમગ્ર રેકર્ડ વંચાણે લઈ મુલ્યાંકન કરતા વાદીની આંક-૧૩૯થી થયેલ ઉલટતપાસ ધ્યાને લેતા પ્રતિવાદી તરફે કોઈ ઉલટતપાસ થકી એવી કોઈ હકીકત બહાર કઢાવી શકેલ નથી કે તેઓ દાવાવાળી મિલકતના ભાડૂઆત હોય કે વાદીએ તેઓને મિલકત ભાડે આપેલ હોય.વધુમાં દાવાનુ રેકર્ડ વંચાણે લેતા એવી કોઈ હકીકત બહાર આવેલ નથી કે આ કામના વાદીના ટ્રસ્ટ તરફે તેઓને કોઈ નોકરીમાં રાખેલ હોય કે તેઓને પગાર ચૂકવતા હોય. તેમજ તે સાબીત કરવા આ કામના પ્રતિવાદી તરફે રેકર્ડ પર કોઈ પણ ભાડા પાવતી કે કોઈ અન્ય પુરાવો રજુ રાખેલ નથી.આ કામે વાદી તરફે રજુ થયેલ આંક-૧૨૯,૧૩૦, ૧૩૧ ધ્યાને લેતા પ્રોપર્ટીકાર્ડમાં માલીકના કોલમમાં વાદીનુ નામ છે

તેમજ તેમાં ભોગવટેદાર તરીકે પ્રતિવાદીનુ નામ દર્શાવેલ છે.પરંતુ આ કામના પ્રતિવાદી તરફે પોતે ભાડૂઆત હોય તે દર્શાવવા એક પણ પુરાવો રજુ કરેલ નથી. તેમજ આ કામે આંક–૧૩૪ થી પ્રતિવાદી અને તેમની પત્નિ પર વાદી તરફે ગેરકાયદેસરનો કબજો કરી વાદીને મકાનમાંથી કાઢી મુકેલ હોવાની ફરીયાદ રજુ કરેલ છે.જે ધ્યાને લેતા પણ આ કામના પ્રતિવાદી વાદગ્રસ્ત મિલકતના ભાડૂઆત નથી તેમ માની શકાય છે.સદર કામે પ્રતિવાદીની ઉલટતપાસમાં તેઓએ કબુલેલ છે કે**, મને પુજારી તરીકે રાખેલા અને ૨૫ રૂપિયા પગાર તરીકે આપતા હતા.** આ પરથી માનવાને કારણ જણાાય છે કે તેઓ પુજારી તરીકે સેવા પુજા કરતા હતા.આ ઉપરાંત તેઓએ કબુલેલ છે કે**, એ વાત ખરી છે કે હાલના કામે ભાડુઆત તરીકે કોઈ ભાડુ ચુકવેલ હોય તેની કોઈ પુરાવો રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે હુ ભાડુઆત તરીકે હોવ અને મને ભાડુઆત તરીકે ખાલી ન કરાવે તે માટે કોઈ દાવો આજસુધી કરેલ નથી.** તેમજ પ્રતિવાદીએ કબુલેલ છે કે**, એ વાત ખરી છે કે મે ભાડુ ચુકવવા માટે મની ઓર્ડર કરેલા હોય તેવુ પણ બનેલ નથી.**આથી આ ઉપરથી માનવાને કારણ જણાઈ આવે છે કે આ કામના પ્રતિવાદી ભાડૂઆત તરીકે વાદગ્રસ્ત મિલકતમાં રહેલ નથી પરંતુ વાદીના મૈ.મહંત દ્વારા પ્રતિવાદીને મદદરૂપ થવા ગુરુગાદીની સેવાપુજા કરવા માટે આપેલ હોય તે માનવાને જણાય આવે છે.સદર કામે પ્રતિવાદી તરફે એવુ જણાવેલ છે કે હાલનો દાવો ભાડૂઆત અને માલિક અંગેનો હોય આ દાવો સ્મોલ કોઝ કોર્ટને ચલાવવાની હકુમત છે, હાલની કોર્ટને આ દાવો ચલાવવાની હકુમત નથી. ત્યારે તે બાબતે આ કામના વાદી તરફે પોતાની દલીલોમાં જણાવેલ છે કે હાલનો દાવો

અમોએ સી.પી.સી.ની કલમ–૯ મુજબનો જ્ઞાપન અને કબજો પરત મેળવવા તેમજ કાયમી મનાઈહુકમ મેળવવા માટે કરેલ છે. આ કામના વાદીને પ્રતિવાદી સાથે કયારેય કોઈ ભાડૂઆત અંગેનો ભાડાકરાર થયેલ નથી કે ભાડા અંગેની કોઈ લેવડ દેવડ પણ થયેલ નથી. તે બાબતે આ કામે પ્રતિવાદી તરફે પોતે ભાડૂઆત હોય તો હાલના વાદી વિરુધ્ધ કોઈ સ્મોલ કોઝની કોર્ટમાં દાવો કરી દાદ માંગેલ નથી કે સદર મકાનમાંથી આ કામના વાદીઓ દુર કરે કરાવે નહી. પરંતુ આવો કોઈ દાવો તેઓએ કરેલ નથી. સદર કામે રેકર્ડ પરના પુરાવાનુ મુલ્યાંકન કરતા આ કામે પ્રતિવાદીએ કોઈ ભાડૂઆત હોય અને તેઓને દાવાવાળા મકાનમાંથી આ કામના વાદી દુર કરે કરાવે નહી તે અંગેનો કોઈ દાવો કરેલ નથી તે પોતે પોતાની ઉલટતપાસમાં કબુલેલ છે કે,**એ વાત ખરી છે કે હુ ભાડુઆત તરીકે હોવ અને મને ભાડુઆત તરીકે ખાલી ન કરાવે તે માટે કોઈ દાવો આજસુધી કરેલ નથી.** આમ,હાલનો દાવો વાદીએ કબજો પરત મેળવવા માટે સી.પી.સી.ની કલમ–૯ મુજબનો કરેલ છે અને મનાઈહુકમ માંગેલ છે ત્યારે આ કામે દાવાનુ સમગ્ર રેકર્ડ, દાવાઅરજ તથા દાવાનો જવાબ વંચાણે લેતા દાવો કોઈ ભાડાની લેવડ–દેવડ બાબતનો નથી હાલનો દાવો કબજો પરત મેળવવા કરેલ છે. હાલનો દાવો વાદીના મૈ.મહંત મનસુધરામજી ગુરુ મગનીરામજીએ પ્રતિવાદીને મદદરૂપ થવાના આશયથી રહેવા માટે ગુરુગાદીવાળો રૂમ રહેવા માટે આપેલો તે માની શકાય છે.જેથી હાલનો દાવો કબજો પરત મેળવવા તથા જ્ઞાપન અને મનાઈહુકમ માટે કરેલો હોય સી.પી.સી.ની જોગવાઈ મુજબ અત્રેની કોર્ટને હાલનો દાવો ચલાવવાની હકુમત હોવાનુ મારુ માનવુ છે.આમ,વાદી મુદા નં.૧,૨

અને ૩ પુરવાર કરવામાં અંશત: સફળ રહેલ હોય **મુદા નં.૧ અને ૩** નો જવાબ **"હકારમાં"** તેમજ **મુદા નં.૨** નો જવાબ **"અંશત: હકારમાં"** નિર્ણિત કરવામાં આવે છે.

- **<u>મુદા નં.૫ ની ચર્ચા અને મુલ્યાંકન</u>:-**

**૫.શું પ્રતિવાદી સાબિત કરે છે કે, દાવાવાળી મિલકતમાં તેઓ ૩૫ વર્ષ ભાડુઆત તરીકે રહે છે અને ભાડું ચુકવે છે?**

**૬.શું પ્રતિવાદી દાવા ખર્ચ મેળવવા હકદાર છે? જો હા તો કેટલી રકમ?**

(૧૩) આ કામે મુદા નં.૫ અને ૬ પુરવાર કરવાનો બોજો આ કામના પ્રતિવાદી પર રહેલો છે ત્યારે દાવાનુ રેકર્ડ વંચાણે લેવામાં આવે તો પ્રતિવાદીએ આંક-૭૯ થી લેખિત જવાબ રજૂ કર્યો છે અને તેમાં એવી રજૂઆત કરી છે કે તે દાવાની મિલકતમાં "પૂજારી" તરીકે સેવા આપે છે તથા વાદી તેને દર મહિને રૂ.૫૦૦/- પગાર ચૂકવતો હતો અને પ્રતિવાદીના પગારમાંથી દર મહિને રૂ.૩૫/- ભાડા પેટે વસૂલ કરતો હતો.જયારે આ કામે વાદી તરફે કરવામાં આવેલ ઉલટતપાસ ધ્યાને લેતા તેમાં પ્રતિવાદીએ કબુલેલ છે કે,**એ વાત ખરી છે કે ટ્રસ્ટવાળા મને પગાર આપતા હોય તે દર્શાવતી પાવતી મે આ કામે રજુ કરેલ નથી.**ત્યારબાદ તેઓએ જણાવેલ છે કે,**મને કોઈ પગાર આપતા ન હતા.**ત્યારબાદ પ્રતિવાદીએ જણાવેલ છે કે મને પુજારી તરીકે રાખેલા અને ૨૫ રૂપિયા પગાર તરીકે આપતા હતા.આમ,જયારે પ્રતિવાદીએ પોતાના જવાબમાં રૂ.૫૦૦ પગાર ચૂકવતા હોવાનુ જણાવેલ અને રૂ.૩૫ ભાડા પેટે વસુલતા હોવાનુ જણાવેલ છે.જયારે ઉલટતપાસમાં રૂ.૨૫ પગાર આપતા હોવાનુ જણાવે છે જે હકીકત ધ્યાને લેતા પ્રતિવાદીની જુબાની અને જવાબમાં વિરોધાભાષ જણાઈ આવે છે.વધુમાં દલીલોમાં પણ

અલગ રકમ જણાવતા હોય મહત્વનો વિરોધાભાષ જણાય આવે છે. તેમજ આ કામે પ્રતિવાદી વાદગ્રસ્ત દાવાવાળી જમીનમાં ૩૫ વર્ષથી ભાડે રહેતા હોય તે દર્શાવવા પણ પ્રતિવાદી તરફે કોઈ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી. આ તબક્કે કાયદાકીય સિધ્ધાંત જોઈએ તો,જો પ્રતિવાદી ભાડૂઆત હોત તો તેમની પાસે શ્રેષ્ઠ પુરાવા હોત અને તે નામ.કોર્ટમાં રજુ કરી શકત પરંતુ જ્યારે પ્રતિવાદી તરફે વિવાદમાં મુદ્ધા ઉપર પ્રકાશ ફેંકી શક્યા હોત તેવા શ્રેષ્ઠ પુરાવા પ્રતિવાદીએ રજૂ કર્યા ન હોય ત્યારે અદાલતે તેની સામે વિરુદ્ધનું અનુમાન દોરવું જોઈએ જે સિધ્ધાંત હાલના કેસને લાગુ પડે છે.જેથી જે ખરી હકીકતે આ કામના પ્રતિવાદીઓ ૩૫ વર્ષથી દાવાવાળી મિલકતમાં ભાડે રહેલ હોય અને ભાડૂ ચૂકવેલ હોય તે પુરવાર કરી શકેલ નથી. આમ,પ્રતિવાદી પોતાનો ભાડૂઆત તરીકે હકક હોવાની હકીકત પુરાવા થકી પુરવાર કરી શકેલ ના હોય તેમજ વાદીએ પોતાના દાવામાં જણાવ્યા મુજબના મુદા યોગ્ય પુરાવા થકી પુરવાર કરેલ હોય હાલનો દાવો પ્રતિવાદીએ વાદીને પોતાના ટ્રસ્ટની મિલકતમાં પ્રવેશ કરતા અટકાવેલ હોય નોટીસ આપેલ હોવા છતા તેઓને કબજો સોંપેલ ના હોય કરવો પડેલ હોય ત્યારે પ્રતિવાદીના કસુરના કારણે દાવો કરવો પડેલ હોય તેમજ પ્રતિવાદી દાવાનુ ખર્ચ મેળવવા હકકદાર બનતા ના હોવાનુ અત્રેની અદાલતનુ માનવુ છે.જેથી પ્રતિવાદી મુદા નં.૫ અને ૬ પુરવાર કરવામાં નિષ્ફળ રહેલ હોય **મુદા નં.૫ અને ૬** નો જવાબ **"નકારમાં"** આપવામાં આવે છે.

- **<u>મુદા નં.૭ અને ૬ની ચર્ચા અને મુલ્યાંકન</u> :–**

**૭. શું વાદી દાવા પેરા–૦૮ માં માંગ્યા મુજબની દાદ મેળવવા**

**હકદાર છે?**

(૧૪) સદર કામે વાદીએ હાલનો દાવો "**કબજો તથા દરમ્યાન ઉપજ લેવા બાબત** "ના શીર્ષક હેઠળ કરેલો છે.જયારે આ કામે વાદીએ અન્ય મુદા યોગ્ય પુરાવા રજુ રાખી પુરવાર કરેલ છે પરંતુ દાવાઅરજ માં વાદીએ ઉપજ મેળવવા અંગે કોઈ રાહત માંગી નથી. વધુમાં, વાદીએ પોતાના મૌખિક પુરાવામાં પણ ઉપજ ની કોઈ માંગણી કરી નથી.હાલના કેસની હકીકતોને જોતા, એ હકકિત અંગે કોઇ વિવાદ નથી કે વાદી એક નોંધાયેલ ટ્રસ્ટ છે અને દાવાની મિલકત ટ્રસ્ટના નામે છે.વાદીએ આંક-૧૩૭થી મૌખિક પુરાવો રજૂ કર્યો છે, જેમાં વાદીએ જણાવ્યું છે કે દાવાની મિલકત પ્રતિવાદીને કોઈપણ વળતર લીધા વિના હંગામી સમયગાળા માટે ઉપયોગ કરવા આપવામાં આવી હતી.જયારે હાલના દાવાનુ રેકર્ડ ધ્યાને લેતા વાદી તરફે રજુ કરેલ દસ્તાવેજી પુરાવો વંચાણે લેતા વાદી સદર દાવાવાળી મિલકતના માલીક છે તે જણાઈ આવે છે. તેમજ પ્રતિવાદીએ પોતાના દાવાના જવાબમાં એડમીટ કરેલ છે કે દાવાવાળી મિલકતના વાદી OWNER છે.જેથી આ કામે દાવાવાળી મિલકતના વાદી OWNER હોવા બાબતે કોઈ DISPUTE નથી. હાલના કામે પ્રતિવાદીએ પોતાના જવાબમાં જણાવેલ છે કે તેઓ વાદગ્રસ્ત મિલકતમાં પુજારી તરીકે કામ કરતા હતા અને ત્યા રહેતા હતા અને વાદી તેઓને રૂ.૫૦૦ મહીને ચુકવતા હતા અને તેમાથી રૂ.૩૫ ભાડા તરીકે વસુલતા હતા.પરંતુ તે દર્શાવવા તેઓએ કોઈ દસ્તાવેજી પુરાવો રેકર્ડ પર રજુ રાખેલ નથી કે તેઓ વાદગ્રસ્ત મિલકતમાં ભાડે થી રહેતા હતા અને પોતાને વાદી તરફથી આપવામાં આવતા પગારમાંથી રૂ.૩૫ ભાડા તરીકે વાદી વસુલતા હતા.આ કામના વાદીના મૈં. મહંત મન્સુંદરરામજીએ દયાભાવ થી તથા પ્રતિવાદીને

મદદ કરવાના હેતુથી તેને કેટલીક રકમ ચૂકવતા હતા, પરંતુ મહંત મન્સુંદરરામજીએ પ્રતિવાદીને દાવાની મિલકત રાખવાનો કોઈ અધિકાર આપેલ નહોતો. પ્રતિવાદીએ ગેરકાયદેસર હક ઊભો કરવાના ઈરાદાથી વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનની વેરાપાવતી ભોગવટેદાર ના કોલમમાં પોતાનું નામ ગેરકાયદેસર રીતે દાખલ કરાવ્યું છે.આ કામે વાદીએ આંક–૧૨૮ થી આંક–૧૩૬ સુધી દસ્તાવેજી પુરાવાઓ રજૂ કર્યા છે. ઉપરોક્ત દસ્તાવેજી પુરાવાઓનું અવલોકન કરતાં, આંક– ૧૨૮ થી ૧૩૧ ના દસ્તાવેજો પરથી સાબિત થાય છે કે દાવાની મિલકત નોંધાયેલ ટ્રસ્ટના નામે છે.આંક–૧૩૩ થી રજૂ કરવામાં આવેલ દસ્તાવેજ વર્ષ ૧૯૯૬ ની વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આપવામાં આવેલી ટેક્સ રસીદ છે.હાલની ટેક્સ રસીદમાં “Occupant” એટલે કે ભોગવટેદાર ના કોલમમાં પ્રતિવાદીનું નામ દર્શાવવામાં આવ્યું છે. વાદીએ પોતાના એડવોકેટ મારફતે કાનૂની નોટિસ પણ મોકલી હતી, જે રેકર્ડ પર આંક–૧૩૬ થી રજૂ થયેલ છે. ઉક્ત નોટિસનું અવલોકન કરતાં તેમજ વાદીની દલીલો ધ્યાને લેતા, તે વાદીના કેસની હકીકતોને સમર્થન આપે છે.આથી, રેકર્ડ પર ઉપલબ્ધ પુરાવાનું અવલોકન કરતાં એવું ફલિત થાય છે કે, પ્રતિવાદીને દાવાની મિલકત હંગામી સમયગાળા માટે આપવામાં આવી હતી અને તે મિલકત ખાલી કરીને તેનો કબજો પરત સોંપવાના બદલે, તેણે વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનના રેકર્ડમાં “Occupant” એટલે કે કબજેદારના કોલમમાં પોતાનું નામ દાખલ કરાવ્યું છે.પ્રતિવાદી એ સાબિત કરવામાં નિષ્ફળ રહ્યો છે કે તે દાવાની મિલકતનો ભાડુઆત છે. જ્યારે વાદી મિલકતનો માલિક છે અને વાદી તથા પ્રતિવાદી વચ્ચેનો વિવાદ માલિક અને ભાડુઆત વચ્ચેનો વિવાદ જ નથી, ત્યારે

આ દાવાની સુનાવણી કરવાનો અધિકારક્ષેત્ર આ અદાલતને છે. ઉપરોક્ત દર્શાવેલ કારણોને ધ્યાનમાં લેતાં, વાદીએ કબજો તથા ઉપજ મેળવવાના શીર્ષક હેઠળ દાવો કરેલ છે પરંતુ વાદી તરફે દાવાની દાદ માં આવી ઉપજ મેળવવાની કોઈ દાદ માંગેલ નથી કે પોતાની જુબાનીમાં કે દલીલોમાં પણ ઉપજ મેળવવાની દાદ અંગે જણાવેલ નથી.જેથી વાદી દાવાઅરજમાં માંગવામાં આવેલ દાદ મેળવવા અંશત: હકદાર છે તેવુ અત્રેની કોર્ટનુ માનવુ છે.જેથી, **મુદા નં.૪** નો જવાબ **"અંશત: હકારમાં "** આપવામાં આવે છે અને મુદા નં.૭ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## -: આખરી હુકમ :-

(૧) વાદીનો હાલનો દાવો અંશત: મંજુર કરવામાં આવે છે.

(૨) આથી પ્રતિવાદીને હુકમ કરવામાં આવે છે કે તેઓએ વાદી ટ્રસ્ટની સીટી સર્વે નં. ૨૩/૨ માં પ્રથમ મજલે આવેલ ગુરુગાદી વાળી રુમ નો વાપર ઉપયોગ બંધ કરી સદર રુમ ખાલી કરી તેનો કબજો વાદીને શાંતિપૂર્વક સોંપી દેવો.જો પ્રતિવાદી કબજો ખાલી કરી આપવામાં નિષ્ફળ જાય તો કોર્ટના કોર્ટ કમિશ્નરને નીમી કમિશ્નર મારફતે કબજો વાદીને સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) પ્રતિવાદી વિરુદ્ધ કાયમી મનાઈ હુકમ ફરમાવવામાં આવે છે કે તેઓએ વાદીઓને વાદગ્રસ્ત ગુરૂગાદીવાળા (રૂમ) મિલકતનો ઉપયોગ કરતા રોકશે કે કોઈ પણ રીતે અટકાવશે નહીં.

(૪) આ દાવાના કામે કોઈ પેન્ડીંગ અરજી હોય તો તેનો દાવાના સાથે નિકાલ કરવામાં આવે છે.

(૫) દાવાનો ખર્ચ દરેક પક્ષકારોએ પોતપોતાનું જાતે ભોગવવુ

(૬) હુકમ મુજબ હુકમનામું દોરવું.

- હુકમ આજ તા. ૧૪, માહે ઓગસ્ટ, સને ૨૦૨૬ ના રોજ વાંચી સંભળાવી, મારી સહી કરી ખુલ્લી અદાલતમાં જાહેર કરવામાં આવે છે.

તા. ૧૪/૦૮/૨૦૨૬
વડોદરા

**( એચ.ડી.પંચાલ)**
૧૦ માં એડીશનલ સીવીલ જજ,
વડોદરા.
[કોડ નં. ૦૧૭૫૨]